# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

1969 to 2029 ECHO OF HIS CALL SINCE 1969

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 MAY | NO: 03


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

**નીતિવચનો ૩૧: ૨૩ થી ૩૧**

૨૩. તેનો ધણી દેશની ભાગળમાં બેસનાર આગેવાનોમાં પ્રખ્યાત છે.

૨૪. તે શણનાં વસ્ત્ર બનાવીને વેચે છે; અને વેપારીને કમરબંધ બનાવી આપે છે.

૨૫. બળ તથા મોભો એ તેનો પોષાક છે; અને ભવિષ્યકાળની ચિંતાને તે હસી કાઢે છે.

૨૬. તેના મોઢામાંથી જ્ઞાનની વાતો નીકળે છે; તેની જીભનો નિયમ માયાળુપણું છે.

૨૭. તે પોતાના ઘરનાં માણસોની ચાલચલણની બરાબર તપાસ રાખે છે, તે આળસની રોટલી ખાતી નથી.

૨૮. તેનાં છોકરાં ઊઠીને તેને ધન્યવાદ દે છે; અને તેનો ધણી પણ તેનાં વખાણ કરીને કહે છે કે,

૨૯. સદાચારી સ્ત્રીઓ તેનો ધણી થઈ ગઈ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે.

૩૦. લાવણ્ય ઠગારું છે, અને સૌંદર્ય વ્યર્થ છે; પણ યહોવાનો ડર રાખનાર સ્ત્રી વખાણ પામશે.

૩૧. તેના હાથની પેદાશમાંથી તેને આપો; અને તેનાં કામોને માટે ભાગળોમાં તેની પ્રશંસા થાઓ.

## તમારી મૌન સહનશકિત ઈશ્વરના વચનબદ્ધ આનંદમાં ખીલી ઊઠશે!

**Your Silent Endurance Will Blossom Into God's Promised Joy!**

– બહેન એન્જલ



**ઈકો ઓફ હીજ કોલની મિનિસ્ટ્રીજના** સઘળાં વિસ્તૃત પારિવારિક સભ્યોને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ!

માતૃદિન એ ફક્ત એક બીજી ઉજવણી નથી; તે મહિલાઓને સન્માનિત કરવા અને ઓળખવાનો ખાસ સમય છે જેણીઓ મૌન સેવીને પોતાના બોજાઓ ઊંચકીને લે છે, જેણીઓ ફરિયાદ કર્યા વિના સહન કરે છે અને જેણીઓએ ઘણીવાર પોતાના સ્વપનોને બાજુ પર રાખ્યા છે જેથી અન્યોના સ્વપનો સાકાર થાય.

જ્યારે હું ''માતા'' ની વાત કરું છું, ત્યારે હું ફક્ત જૈવિક બાળકો ધરાવતી મહિલાઓનો ઉલ્લેખ કરતી નથી. હું આત્મિક માતાઓ અને દરેક મહિલાનું પણ સન્માન કરું છું જેણીઓ કુટુંબના સભ્યોનો ભાર ઊંચકી લે છે, તેમનું પાલનપોષણ કરે છે, તેમનું રક્ષણ કરે છે અને વિશ્વાસ રાખવાનું ચાલુ રાખે છે – ભલે તે દુ:ખદાયક હોય. હું એવા પિતાઓનું પણ સન્માન કરવા માંગુ છું જેઓ પ્રેમથી ઘણા પરિવારોમાં માતાની ભૂમિકા નિભાવે છે.

તમે દરેકને આનંદિત અને આશીર્વાદિત માતૃદિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

(અનુસંધાન પાન ૩ પર)


ઈકો ઓફ હીજ કોલ



ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* કૃપા કરીને સબ્સ્કાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો *

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969



## from your dearly beloved brother...



## ''પુનરુત્થાન તથા જીવન હું છું...'' – યોહાન ૧૧:૨૫.

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

EX MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers



10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL

Echo of His Call


પ્રભુમાં પ્રિય વહાલાઓ!

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના અનન્ય નામમાં તમને શુભેચ્છાઓ!

પાછલા મહિને, ઘણાઓ આશીર્વાદિત થયા હતા અને આપણી મિનિસ્ટ્રીઓ દ્વારા પાપ, ગરીબી અને માંદગીમાંથી છુટકારો પામ્યા હતા. આવો ઈશ્વર દરેકને આશીર્વાદિત કરો જેઓ આ મિનિસ્ટ્રીઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ હતા. પ્રભુએ જગતને તેમનો મહિમા પ્રગટ કરવા માટે આપણને ઉત્પન્ન કર્યા છેઃ **''મેં આ લોકને મારા પોતાને માટે બનાવ્યા છે, તેઓ મારી સ્તુતિ ગાશે.''** (યશાયા ૪૩:૨૧).

જેઓ તેમના માટે મહેનત કરે છે તેઓને માટે મોટો બદલો રાહ જોઈ રહ્યો છે. યહોવા પ્રભુએ વચનની ખાતરી આપી હતી કે, **'' હું તારે બદલે માણસો, અને તારા જીવને બદલે લોકો આપીશ.''** યશાયા ૪૩:૪.



*આપણા મુખ્ય ચર્ચમાં વેકેશન બાઈબલ સ્કૂલનો (VBS) તાલીમ કાર્યક્રમ*

આ વર્ષે એપ્રિલ-મે દરમિયાન વેકેશન બાઈબલ સ્કૂલ મિનિસ્ટ્રીમાં સામેલ લોકો માટે **વેકેશન બાઈબલ સ્કૂલ (VBS)** તાલીમ કાર્યક્રમ ૧૯મી માર્ચ ૨૦૨૬ના રોજ આપણા મુખ્ય ચર્ચમાં હાથ ધરવામાં આવ્યો હતો. અલગ અલગ મંડળીઓના અંદાજે ૧૫૦ સહભાગીઓએ તાલીમમાં હાજરી આપી હતી અને ઘણા જ આશીર્વાદિત થયા હતા.

આવી પ્રાથમિક તૈયારી સાથેની તાલીમના પરિણામે, બાળકો માટે સાંપ્રદાયિક ભેદભાવ વિના વેકેશન બાઈબલ સ્કૂલ કાર્યક્રમો ભારતભરની અલગ અલગ મંડળીઓમાં યોજવામાં આવે છે. મિશનો, મંડળીઓ, ચર્ચો માટે, બાળકોની મિનિસ્ટ્રીઓમાં રોકાયેલી વ્યક્તિઓ માટે પ્રાર્થના કરવી અને તેઓને સમર્થન આપવું એ આપણી મુખ્ય ફરજ છે. **''તું સુવાર્તા પ્રગટ કર; અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે...''** ૨ તિમોથીને પત્ર ૪:૨.

વેકેશન બાઈબલ સ્કૂલ એક શક્તિશાળી સાધન સાબિત થઈ છે. ભારતમાંના ઘણા શિક્ષણવિદોએ, ઉદ્યોગપતિઓએ અને રાજકારણીઓએ તેમના બાળપણમાં વેકેશન બાઈબલ સ્કૂલમાં હાજરી આપી છે. જેઓ વેકેશન બાઈબલ સ્કૂલ મિનિસ્ટ્રીઓમાં સમર્પણ, પ્રેમ અને દર્શન સાથે સેવા આપે છે તેઓ ચોક્કસપણે આપણા દેશ માટે અને વિશ્વના ભાવિ માટે ધાર્મિક

પેઢીનો ઉછેર કરશે. આ જવાબદારીમાં નિષ્ફળતા સુવાર્તાનો વિરોધ કરતી વિકૃત પેઢીના ઉદયમાં પરિણમી શકે છે.

કૃપા કરીને અમને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો કે પ્રભુ અમને પડકારજનક સમયોમાં સામર્થ્યવાન કરે અને અમને દરેક અવરોધને વિજયી રીતે દૂર કરવામાં સહાય કરે. અમે સતત નાણાકીય સહાયતા, પ્રતિબદ્ધ કાર્યકરો, અનુકૂળ રાજકીય વાતાવરણ અને ઈશ્વરના વિશેષ અભિષેક અને આશીર્વાદ જેવા ક્ષેત્રોમાં તેમની જોગવાઈ માટે પ્રભુની તરફ દ્રષ્ટિ રાખીએ છીએ.

**ઈશ્વરની કૃપા તમારી સાથે રહો. આમીન!**

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**

E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

## ઈશ્વર એક માતા તરીકે:

બાઈબલ ઘણીવાર પિતાની કાલ્પનિક છબીનો ઉપયોગ કરીને ઈશ્વરનો ઉલ્લેખ કરે છે. જો કે, શાસ્ત્ર માતાની કાલ્પનિક છબી દ્વારા ઈશ્વરના કોમળ, પાલનપોષણ, ઉછેર કરનાર અને દયાળુ સ્વભાવને પણ જાહેર કરે છે.



- **જેમ કોઈ માણસને તેની માતા દિલાસો આપે છે તેમ ઈશ્વર તેમના લોકોને દિલાસો આપે છે.** (યશાયા ૬૬:૧૩).
- **ઈશ્વરને પોષણ અને સંભાળ આપતી માતા તરીકે દર્શાવવામાં આવ્યા છે જેણી તેણીના બાળકોનું પોષણ કરે છે.** (યશાયા ૬૬:૧૧).
- **એક માતા જેમ તેણીના બચ્ચાંનો ઉગ્રતા સાથે બચાવ કરે છે તેવી રીતે ઈશ્વરને સરખાવવામાં આવ્યા છે, જેઓ તેમના રક્ષણાત્મક પ્રેમનું પ્રદર્શન કરે છે.** (હોશિયા ૧૩:૮).
- **જો કે એક માતા તેણીના દીકરાને કદાચ ભૂલી જાય, પણ ઈશ્વર જાહેર કરે છે કે તેઓ તેમના લોકોને ક્યારેય ભૂલી શકશે નહિ.** (યશાયા ૪૯:૧૫)
- **જેમ એક મરઘી પોતાનાં બચ્ચાંને તેણીની પાંખો તળે એકઠાં કરે છે તેમ ઈશ્વર તેમના છોકરાંને એકઠા કરવા અને તેમનું રક્ષણ કરવા ઈચ્છે છે.** (માથ્થી ૨૩:૩૭)

આ ફકરાઓ આપણને યાદ અપાવે છે કે ઈશ્વરના પ્રેમમાં પિતાનું સામર્થ્ય અને માતાનું માયાળુપણું, બંનેનો સમાવેશ થાય છે. આપણે ઈશ્વરની સંભાળ અને પાલનપોષણની, ઉછેરની વિશેષતાઓ વિશે વાત કરી શકીએ છીએ, જે તેમના બાળકો પ્રત્યેના તેમના ઊંડા અને દયાળુ હૃદયને જાહેર કરે છે.

## સારા હસી હતી!

શાસ્ત્રમાં દરેક માતાએ એવી એક ક્ષણનો અનુભવ કર્યો છે જ્યારે ઈશ્વર અસાધારણ વચન સાથે તેણીના જીવનની સામાન્ય લયમાં આગળ આવ્યા હતા. સારા માટે, તે ક્ષણ તેણીના તંબુના બારણાં પાસે આવી હતી.

ઉત્પત્તિ ૧૮:૧૨માં, બાઈબલ નોંધે છે કે:

**અને સારા મનમાં હસી ને બોલી, "હું ઘરડી થઈ, ને મારો ધણી પણ ઘરડો છે, તો હવે શું મને હર્ષ પ્રાપ્ત થાય?"**

ઈશ્વરે તે ક્ષણ જોઈ હતી.

તેવી જ રીતે, જ્યારે ઈશ્વરે ઈબ્રાહિમને બાળકનું વચન આપ્યું હતું, ત્યારે તે પણ હસ્યો હતો. ઉત્પત્તિ ૧૭:૧૭ કહે છે કે:

અને ઈબ્રાહિમ ઊંધો પડીને હસ્યો, ને મનમાં બોલ્યો, "જે સો વર્ષનો તેને શું દીકરો થશે? અને નેવું વર્ષની સારા તે જણશે શું?

જો કે બંને એક જ વચન સાંભળીને હસી પડ્યા હતા, તેમ છતાં તેમના હસવા પર ઈશ્વરનો પ્રતિભાવ અલગ હતો. અહીં, હું સારાના હસવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું.

સારા હસી હતી પછી, ઈશ્વરે એક કાલાંતીત પ્રશ્ન પૂછ્યો હતો:

**"યહોવાને શું કંઈ અશક્ય છે?"** ઉત્પત્તિ ૧૮:૧૪.

કેવો ગહન પ્રબોધકીય અને અલંકારિક પ્રશ્ન! તે માત્ર એક પ્રશ્ન નહોતો, પણ ઈશ્વરના અમર્યાદિત સામર્થ્ય અને સાર્વભૌમ સત્તાની શક્તિશાળી ઘોષણા હતી.

***આપણે અહીં જે ધ્યાન આપવું જ જોઈએ તે આ છે:***

- સારા હસી હતી.
- મોટેથી નહિ.




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

- જાહેરમાં નહિ.
- પણ ચૂપચાપ પોતાની અંદરથી.

અને તેમ છતાં, ઈશ્વરે તે સાંભળ્યું હતું.

આ સંદેશો દરેક માતા માટે છે - જૈવિક, દત્તક બાળક અપનાવનાર, અપર માતા, આત્મિક; જેણીઓ રાહ જોઈ રહી છે, શોક કરી રહી છે અથવા હજુ પણ વિશ્વાસ કરી રહી છે તેણીઓને માટેઃ

- જેણીઓ બહારથી હસે છે, સ્મિત કરે છે પણ છુપાયેલા આંસુ વહેવડાવે છે.
- જેણીઓ તેણીઓના હૃદયોમાં મૌન નિરાશાઓ સહન કરે છે.
- જેણીઓએ ઉંમર, સમયને કારણે પોતાના સપનાઓને અથવા પીડાને બાજુ પર મૂકી દીધા છે.
- જેણીઓ અપ્રસિદ્ધ, કદરહીન, ભૂલાઈ ગઈ હોય એવું અનુભવે છે, અથવા કદાચ "ઘણી મોડી" પણ પડી હોય એવું તેણીઓને લાગે.

વહાલા ઈશ્વરના બાળકો, પ્રભુ માતાના હૃદયના છુપાયેલા સ્થાનો સાથે વ્યવહાર કરવા માંગે છે - તેણીઓને ઉઘાડી પાડવા માટે નહિ, પણ તેણીઓને સાજી કરવા અને પુનઃસ્થાપિત કરવા માટે.

## ૧. માતાઓ મૌન હાસ્ય વહન કરે છે!

ઉત્પત્તિના પુસ્તકના અધ્યાય ૧૮:૧૨માં, બાઈબલ કહે છે કે, **સારા મનમાં હસી હતી..**

માતાઓ શાંત, મૌન હાસ્યમાં પારંગત હોય છે. આપણે ભાગ્યે જ આપણી સૌથી ઊંડી લાગણીઓ જાહેર કરીએ છીએ અથવા કોઈકની સાથે વહેંચીએ છીએ. તેને બદલે, આપણે વારંવાર કહીએ છીએઃ

- "હું ઠીક છું," જ્યારે આપણે સંપૂર્ણપણે થાકી ગયેલા હોઈએ છીએ.
- "ઠીક છે," જ્યારે આપણે ઘણા જ દુઃખી હોઈએ છીએ કે આઘાત પામ્યા હોઈએ છીએ.
- "હું આગળ વધી ગયો છું," જ્યારે આપણે હજી રાહ જોઈ રહ્યા હોઈએ છીએ.
- "મને હવે તેની જરૂર નથી," જ્યારે આપણા હૃદયો હજી પણ તેની ઝંખના કરે છે.

કદાચ તેથી જ લોકો વારંવાર કહે છે કે મહિલાઓને સમજવી મુશ્કેલ છે. અહીં આપણે જોઈએ છીએ કે સારાનું હસવું એ હસવું હતુંઃ

- નિરાશાને કારણે
- વિલંબને કારણે
- દુઃખને કારણે
- સ્વરક્ષણ માટે

તેણીનું હસવું વર્ષોના દુઃખ અને નિરાશાને કારણે ઉદભવ્યું હતું. તે ટીખળ કરતી આંખો, તીક્ષ્ણ અને દોષિત ઠરાવતા શબ્દો, અને તેણીની પરિસ્થિતિને "આત્મિક" બનાવવાના સતતના પ્રયાસો - તેણીને એક શાપિત સ્ત્રી તરીકે ઠરાવતી વખતે - ધીમે ધીમે તેણીના હૃદયને વર્ષો વિતતા કઠણ બનાવ્યું હોવું જોઈએ, જેને કારણે તેણીને સુરક્ષિત, ઠંડી અને ભાવનાત્મક રીતે પાછી હઠી ગયેલી કરી નાખી હતી.

તેથી જ્યારે તેણીએ આખરે ઈશ્વરનું વચન સાંભળ્યું હતું - કે તેણી એક દિવસ માતા બનશે - હું માનતી નથી કે તેણીને ઉજવણી કરવા માટે તેણીની અંદર કંઈપણ બાકી રહ્યું હતું.

આપણામાંના ઘણા, માત્ર માતાઓ જ નહિ, આ જ મૌન રીતે હસે છે - એટલા માટે નહિ કે આપણે ઈશ્વર પર શંકા કરીએ છીએ, પણ કારણ કે આપણે આપણા હૃદયોનું રક્ષણ કરીએ છીએ.

તેમ છતાં અહીં એક સુંદર સત્ય છેઃ ઈશ્વરે તે હસવું સાંભળ્યું હતું.

જ્યારે આ બાબત થઈ હતી ત્યારે સારા તંબુની અંદર હતી. તેણીનું હસવું છુપાયેલું હતું, માનવીય આંખોથી જોઈ શકાય એવું ન હતું, અદ્રશ્ય હતું, છતાં ઈશ્વરે તે જોયું અને સાંભળ્યું હતું.

અને જ્યારે ઈશ્વર આપણા જીવનોમાં આવી ક્ષણો વખતે આપણો સામનો કરે છે, ત્યારે તેઓ આપણને શરમમાં મૂકવા માટે તેમ કરતા નથી - પણ આપણને સાજા કરવા માટે આવું કરે છે.

## ૨. ઈશ્વર માતાની શંકાને પડકારે છે!

ઈબ્રાહિમના હસવામાં અને સારાના હસવામાં ઘણો ફરક છે. ઈબ્રાહિમને આશ્ચર્યથી હસવું આવ્યું હતું, સમાચારો સાંભળીને તે આનંદથી અભિભૂત થયો હતો. સારા, જોકે, દુઃખ અને નિરાશાથી હસી પડી હતી.

શા માટે ઈશ્વરે સારાને પૂછ્યું હતું, સારા કેમ હસી?

શું તમને લાગે છે કે તેણી શા માટે હસી હતી તે ઈશ્વરને ખબર નહોતી? શું તમને લાગે છે કે તેઓ તેણીની પીડા સમજી શક્યા નહોતા?

નવા કરારમાં પણ, જ્યારે ઈસુ ખ્રિસ્ત એક આંધળા માણસને સાજો કરવાના હતા, ત્યારે તેમણે આવો જ પ્રશ્ન પૂછ્યો હતો. માર્ક ૧૦:૫૧માં તેમણે કહ્યું કે, '**હું તારે સારુ શું કરું, એ વિષે તારી શી ઈચ્છા છે?**' આંધળા માણસે ઉત્તર આપ્યો હતો કે, "**સ્વામી, હું દેખતો થાઉં.**" તે તેનાથી વધારે બીજું શું માંગી શક્યો હોત?

ઈશ્વર આપણને આવા પ્રશ્નો પૂછે છે એ માટે નહિ કે તેઓ જાણતા નથી, પણ કારણ કે - સારાની જેમ - આપણે કદાચ સમજી શકતા નથી કે અવિશ્વાસ ક્યારે અને કેવી રીતે ચૂપકીદીથી આપણા હૃદયોમાં સ્થાયી થઈ જાય છે.

ઈશ્વરે તરત જ સારાનો સામનો કર્યો હતોઃ

**સારા એ વાત કહેતાં કેમ હસી કે, શું હું મારા ઘડપણમાં ખચીત દીકરો જણીશ?** ઉત્પત્તિ ૧૮:૧૩.

તેમનો ઠપકો શિક્ષા કરવા ન હતો - તે જાગૃતિ માટે હતો. કેટલીકવાર ઈશ્વરને માતાના વિશ્વાસને પુનર્જીવિત કરવા માટે તેણીનો સામનો કરવો પડે છે.

વહાલા મિત્રો, યાદ રાખોઃ ઈશ્વર તે માટે આપણો સામનો કરે છે

- જે બાળક માટે આપણે હજુ પણ પ્રાર્થના કરી રહ્યા છીએ
- જે વચનની આપણે અપેક્ષા કરવાની બંધ કરી દીધી હતી
- આપણે જે ઓળખમાં વિશ્વાસ કરવાનું બંધ કર્યું હતું
- જે ભવિષ્ય આપણે ચૂપચાપ છોડી દીધું હતું
- જે સ્વપ્નો આપણે ગુમાવી દીધા હતા. તેઓ બંધ થઈ ગયેલા ગર્ભસ્થાનને જાગૃત કરી રહ્યા હતા.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ મે ૨૦૨૬ થી ૧૮ જૂન ૨૦૨૬ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**મે ૧૯ :** આપણા મિશનના કાર્યકરો દ્વારા પ્રદર્શિત ઊંડી પ્રતિબદ્ધતાને માટે

**મે ૨૦ :** આપણા કાર્યકરોના પરિવારો પરના તેમના પુષ્કળ આશીર્વાદોને માટે.

**મે ૨૧ :** અરાજકતા અને યુદ્ધના ભય વચ્ચે સર્વ દેશો પર દૈવી રક્ષણને માટે.

**મે ૨૨ :** રાજકીય અને ધાર્મિક વિરોધ છતાં આપણી ખ્રિસ્તી મિનિસ્ટ્રીઓની વૃદ્ધિ અને ખંતીલાપણાને માટે.

**મે ૨૩ :** સમાજના દરેક ક્ષેત્રમાં મહિલાઓની ઉન્નતિ અને સશક્તિકરણને માટે.

**મે ૨૪ :** સમર્પિત કાર્યકરોની સહાયતા સાથે આપણા સુવાર્તા છાપખાનાના અવિરત અને અસરકારક સંચાલનને માટે.

**મે ૨૫ :** આપણા નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** જોડાતા નવા વિદ્યાર્થીઓને માટે.

**મે ૨૬ :** આપણા **નહેમ્યા બાઈબલ કોલેજોના** સમર્પિત અને પ્રતિબદ્ધિત ફેકલ્ટી સભ્યોના આશીર્વાદને માટે.

**મે ૨૭ :** આપણા મુખ્ય ચર્ચમાં અને તેની શાખાઓમાં રવિવારની સેવાઓ ચલાવવામાં આવે છે તે માટે.

**મે ૨૮ :** આપણા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો** (બાઈબલકોર) અને આપણા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમોની** પ્રગતિને માટે.

**મે ૨૯ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક નુકસાન સામે પ્રભુ રક્ષણ પૂરું પાડે છે તે માટે.

**મે ૩૦ :** આપણા મુખ્ય ચર્ચના તથા શાખા ચર્ચોના સર્વ સભ્યો પરના આશીર્વાદોને માટે.

**મે ૩૧ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**જૂન ૦૧ :** આપણા મુખ્ય ચર્ચ તથા શાખા ચર્ચો દ્વારા ભરાવવામાં આવેલ **વેકેશન બાઈબલ સ્કૂલો** પરના આશીર્વાદોને માટે.

**જૂન ૦૨ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના પ્રવેશ પરના આશીર્વાદોને માટે.

**જૂન ૦૩ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ પરિણામ સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જૂન ૦૪ :** આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબો પરના પ્રભુના અવિરત આશીર્વાદોને માટે.

**જૂન ૦૫ :** દરેક સંભવિત રીતે અને માપદંડમાં આપણી મિનિસ્ટ્રીઓના વિસ્તરણને માટે.

**જૂન ૦૬ :** આપણા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રો કે જેઓ પ્રાર્થના અને નાણાકીય યોગદાનો દ્વારા આપણી મિનિસ્ટ્રીઓને ધરી રાખે છે તેમને માટે.

**જૂન ૦૭ :** વિશ્વભરના અધ્યક્ષો, વડાપ્રધાનો તથા સર્વ સરકારી સત્તાધારીઓને માટે.

**જૂન ૦૮ :** યુએસ-ઇઝરાયેલ-ઈરાન સંઘર્ષથી પ્રભાવિત દેશો માટે, કે જેઓ તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ કરી શકે અને ઝડપથી પુનઃપ્રાપ્તિ કરી શકે તે માટે.

**જૂન ૦૯ :** વિશ્વભરની **વેકેશન બાઈબલ સ્કૂલોમાં** ભાગ લઈ રહેલા બાળકો માટે, જેથી તેઓ તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામી શકે.

**જૂન ૧૦ :** ચાલી રહેલા સર્વ યુદ્ધોનો અંત આવે, અને સમગ્ર વિશ્વમાં શાંતિ પ્રવર્તે તે માટે.

**જૂન ૧૧ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**જૂન ૧૨ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે આપણી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** લાયક વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**જૂન ૧૩ :** આપણા કર્મચારીઓ અને તેમના પરિવારોના સારા સ્વાસ્થ્યને માટે.

**જૂન ૧૪ :** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ પર ઈશ્વરના આશીર્વાદો અને રક્ષણને માટે.

**જૂન ૧૫ :** આપણે આપણી બહુવિધ મિનિસ્ટ્રીઓ દ્વારા સુવાર્તાને વણખેડાયેલા સ્થળોએ ફેલાવવા સક્ષમ થઈએ તે માટે.

**જૂન ૧૬ :** ઈશ્વર આપણને પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવા માટે વધુ મોટું દર્શન આપે તે માટે.

**જૂન ૧૭ :** વિશ્વભરના જુવાનો અને બાળકો ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકારે તે માટે.

**જૂન ૧૮ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબની સારી તંદુરસ્તી, રક્ષણ અને દોરવણીને માટે.

(પાન ૪ થી આગળ...)

તેઓ એ વિશ્વાસને પુનર્જીવિત કરી રહ્યા હતા જે સુન્ન થઈ ગયો હતો.

## ૩. ઈશ્વરનું વચન ગમે ત્યાંથી માતાને શોધી કાઢે છે!

મને એ હકીકત ગમે છે કે આપણે જ્યાં પણ હોઈએ ત્યાં ઈશ્વર આપણને જુએ છે. ઈબ્રાહિમ તંબુની બહાર હતો, જ્યારે સારા તંબુની અંદર હતી. તેમ છતાં ઈશ્વર તે જ જગ્યામાં બોલ્યા હતા.

એવી જ રીતે ઈસુ ખ્રિસ્તે નથાનિયેલને અંજીરી તળે જોયો હતો.

ઈશ્વરે સારાને તંબુમાંથી બહાર આવવા કહ્યું નહોતું.

તેણી જ્યાં હતી ત્યાં જ તેમણે તેણીની સાથે વાત કરી હતી.

આમીન! આપણે જ્યાં પણ હોઈએ ત્યાં ઈશ્વર આપણી સાથે વાત કરે છે.

આપણામાંના મોટાભાગના લોકો છુપાયેલા રહે છે - કામથી અભિભૂત, સતત કોઈની સંભાળ રાખતા અને ચૂપચાપ આપણી જવાબદારીઓ નિભાવતા.

**તેમ છતાં ઈશ્વર માતાઓ સાથે વાત કરે છે:**

- રસોડાઓમાં
- ગાડીઓમાં
- કાર્યસ્થળોમાં હોય ત્યારે
- પ્રાર્થનાની એકાંત ઓરડીઓમાં
- હોસ્પિટલના ઓરડાઓમાં
- મધરાતની આંસુભરી રાત્રીઓ દરમિયાન
- મૌન લડાઈઓમાં
- ભંગિત સ્વપ્નોની મધ્યે

વહાલા ઈશ્વરના બાળકો, આશા ન ગુમાવો. તમે ગમે ત્યાં હોવ તેઓ તમને જુએ છે. તમે કદાચ તમારા પરિવાર, તમારા મિત્રો અથવા દુનિયાથી પણ છુપાઈ શકો છો - પણ તમે ઈશ્વરથી છુપાઈ શકતા નથી. તેઓ માતાની કોમળ સંભાળની જેમ આપણા પર લક્ષ રાખે છે.

## ૪. વચન આવે તે પહેલાં ઈશ્વર માતાનું હૃદય પુનઃસ્થાપિત કરે છે!



*સારાના ગર્ભમાં વિશ્વાસનો ગર્ભધારણ થાય તે જરૂરી હતું*

સારાના ગર્ભમાં ઈસહાકનો ગર્ભધારણ થાય તે પહેલાં, તેણીના હૃદયમાં વિશ્વાસનો ગર્ભધારણ થાય તે જરૂરી હતું. સારા માનવજાત માટેનું ઈશ્વરનું સૌથી મોટું વચન લઈ જવાની હતી. આ થાય તે પહેલાં, ઈશ્વરને તેણીની અંદર એક કાર્ય કરવાનું હતું.

ઈશ્વરે તેણીને પૂછ્યું હતું કે, શું યહોવા પ્રભુ માટે કંઈ પણ અશક્ય છે?

આ ક્ષમતાનો પ્રશ્ન નહોતો; તે એકરૂપ થવાનો, ઈશ્વરની સાથે જોડાવાનો પ્રશ્ન હતો.

**ઈશ્વર કહી રહ્યા હતા:**

- માતા, મારે તમારા હૃદયને સાજા કરવાની જરૂર છે.
- મને તમારી આશા પુનઃસ્થાપિત કરવાની જરૂર છે.
- મારે તમારા વિશ્વાસને જાગૃત કરવાની જરૂર છે.
- મારે તમારા આત્માને ફરીથી ખુલ્લો કરવાની જરૂર છે.
- હું ઈચ્છું છું કે તમે એવું માનવાનું શરૂ કરો કે હું અશક્ય કરી શકું છું.

વહાલા ઈશ્વરના બાળકો, આપણે જેને માટે વિશ્વાસ કરતા નથી તેને જન્મ આપી શકતા નથી. ઈશ્વર આપણામાંના કેટલાક લોકો સાથે વાત કરી રહ્યા છે જેમણે આશા ગુમાવી દીધી છે અને વારંવાર અને લાંબા સમય સુધી ચાલતી પીડાઓને કારણે જડતા અનુભવે છે. હું તમને પ્રોત્સાહિત કરવા માગું છું: ઈશ્વર આપણને તેમની યોજના સાથે એકરૂપ થવા માટે, સંરેખિત થવા માટે રાહ જોઈ રહ્યા છે. જો આપણો દ્રષ્ટિકોણ ઈશ્વરના દર્શન સાથે સુસંગત ન હોય, તો તેઓ આપણા જીવનોમાં જે કરવા માંગે છે તે તેઓ કરી શકશે નહિ.

ઈશ્વર અત્યારે આપણામાંના કેટલાકના જીવનોમાં કામ કરી રહ્યા છે. તેમના વચનની પરિપૂર્ણતાની રાહ જોતી વખતે, નિરાશ થવા કે ઈશ્વર પર શંકા કરવાને બદલે, આવો આપણે આપણી જાતને ફરીથી તપાસીએ અને તેમની ઈચ્છા સાથે આપણા જીવનોને એકરૂપ કરીએ.

## ૫. ઈશ્વર માતાની શંકાને માતાના ભાગ્યમાં ફેરવી દે છે!

આ મહિનામાં, હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર આપણી શંકાઓને આપણા ભાગ્યમાં ફેરવી દો. સારાએ એકવાર ઈશ્વરના વચન પર શંકા કરી હતી, પણ ઈશ્વરે નિયત સમયે બધું ઉલટાવી દીધું હતું. હું પ્રાર્થના કરું છું કે આ તમારો પણ નિયત સમય હશે.

(...પાન ૯ પર આગળ...)

નહેમ્યા બાઈબલ કોલેજો
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)
લાયકાત:
૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રામ: છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો – અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપુરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચોઃ સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો – સેમિનાર અને રિટ્રીટ્સ
૯. ક્રુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - આંગ્લ અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપુરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પુરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરુવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૩ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | : **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : **1023 2923 805** |
| **Bank Name** | : **STATE BANK OF INDIA** |
| **Branch** | : **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : **SBIN 0000249** |
| **SWIFT Code** | : **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## "જે કોઈ યહોવા પર વિશ્વાસ રાખે છે તેને ધન્ય છે." - નીતિવચનો ૧૬:૨૦.

મારા સેવાકાર્યના પ્રારંભિક વર્ષો પછી, વિદેશી દેશોમાં ખ્રિસ્તી સેવકો કેવી રીતે તેમનું આત્મિક જીવન જીવે છે, અને વિદેશી દેશોમાં સેવાકાર્યો કેવી રીતે ચલાવવામાં આવે છે તે વિશે જાણવાની મારામાં એક ઊંડી કુતૂહલવૃત્તિ વિકસિત થઈ હતી. તે સમયે, જો કે, મારી પાસે નાણાંકીય સંસાધનો, લોકોનું સમર્થન અને પૂરતી આત્મિક ક્ષમતાઓનો અભાવ હતો.

મારા પોતાના આશ્ચર્ય વચ્ચે, મને ૧૯૮૯માં મારી રોજનીશીમાં લખવાની હિંમત મળી હતી કે હું તે વર્ષના ઓગસ્ટ મહિનામાં મલેશિયા દેશની મુલાકાત લઈશ. હું ટૂંક સમયમાં તેના વિશે ભૂલી ગયો હતો અને લગભગ ત્રણ મહિના સુધી આ વિચાર ફરી મને આવ્યો નહોતો. એક દિવસ, મેં મારી રોજનીશી જોઈ અને મને મારી યોજનાની યાદ આવી ગઈ. મારી મુલાકાતની સૂચિત તારીખ ઝડપથી નજીક આવી રહી છે તે સમજીને, મેં તેમના વચન પર ભરોસો રાખીને, પ્રાર્થનામાં આ બાબત હું ઈશ્વર પ્રભુની આગળ લાવ્યો:

**"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો."** ફિલિપ્પીઓને પત્ર ૪:૬.

દિવસો વિતતા ગયા, તેમ છતાં કંઈ બન્યું નહોતું. હું મારા મનમાં જાણતો હતો કે મારે માટે વિદેશમાં મુસાફરી કરવા હું લાયક થવાનો નથી, પણ મેં ઈશ્વરમાંનો વિશ્વાસ ગુમાવ્યો નહોતો.

તે સમય દરમિયાન, હું એક ભાઈને મળ્યો જે વારંવાર ઈશ્વરના વચનના સેવાકાર્ય માટે મલેશિયા જેવા દેશોની મુસાફરી કરતા હતા. મેં તેમને મારી વિદેશ જવાની ઈચ્છા જણાવી. તેમણે મને વધુ માર્ગદર્શન માટે ચેન્નાઈમાં તેમના ઘરે મુલાકાત લેવા માટે સલાહ આપી હતી. તે પ્રમાણે, એક વહેલી સવારે, મેં તેમને મળવા માટે લાંબી મુસાફરી કરીને તેમના ઘરે ગયો. જો કે, તેમણે મને કહ્યું કે, તેઓ વ્યસ્ત હતા અને તેમણે બીજા દિવસે મને પાછા આવવા માટે કહ્યું. જ્યારે હું પાછો તેમને મળવા ગયો હતો ત્યારે તેમણે મને ફરી બીજા દિવસે આવવા કહ્યું. આ લગભગ એક મહિના સુધી ચાલુ રહ્યું હતું, જેને કારણે મને નોંધપાત્ર સમય અને પૈસા ખર્ચવા પડ્યા હતા. આખરે મને સમજાયું હતું કે તેઓ મને આ બાબતમાં કોઈ મદદ કરવા માંગતા નથી.

પાછળથી, તેણે મને નિર્દયતાથી કહ્યું કે, "તમે મલેશિયા જઈ શકતા નથી. ફક્ત મારા જેવા હોશિયાર અને પ્રતિભાસંપન્ન લોકો જ ત્યાં જઈ શકે છે. મલેશિયામાં કોઈ તમને સ્વીકારશે નહિ. હવે પછી મારી પાસે આવતા નહિ".

આ નિરાશા છતાં, મેં આશા ગુમાવી નહોતી. મેં ઈશ્વરની ઈચ્છા જાહેર થવાની ધીરજથી રાહ જોતા પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું હતું.

બે અઠવાડિયા પછી, જ્યારે હું મારા કાર્યાલયમાં પત્રો વાંચી રહ્યો હતો, ત્યારે મને મલેશિયાથી આવેલો એક પત્ર મળ્યો. તે પાળક દેવરાજુલુ તરફથી હતો, જેઓ ત્યાં સેવાકાર્ય કરી રહ્યા હતા. તેમણે પત્રમાં લખ્યું હતું:

**ખ્રિસ્તમાં મારા વહાલા ભાઈ, ભાઈ સામ સેલ્વરાજ,**

***"હું પુસ્તકોનો શોખીન છું. આજે, મેં એક દુકાનની મુલાકાત લીધી હતી જે જૂના પુસ્તકોનું વેચાણ કરે છે. ત્યાં, કંઈક ઉપયોગી શોધતી વખતે, મને તમારા સામયિક ઈકો ઓફ હીજ કોલની ફાટેલી પ્રત મળી. જ્યારે મેં તેને વાંચવાની શરૂઆત કરી ત્યારે મને લાગ્યું કે પ્રભુ સીધેસીધી મારી સાથે વાત કરી રહ્યા છે.***

***કૃપા કરીને મને તમારા પહેલાના અંકો પણ મોકલશો; હું તેનો પત્રવ્યવહાર ખર્ચ ઉઠાવીશ. હું તમને વ્યક્તિગત પણ મળવા માગું છું. અહીં મલેશિયામાં તમારો આવવા જવાનો મુસાફરી ખર્ચ, જમવા રહેવાનો ખર્ચ, સર્વ ખર્ચ હું ઉઠાવવા તૈયાર છું.***

***તદ્દુપરાંત, હું તમારા માટે તમારી મિનિસ્ટ્રીની સેવા આપવા માટે સિંગાપોર અને ઈન્ડોનેશિયા જવાની પણ વ્યવસ્થા કરીશ. અમને તમારા જેવા ઈશ્વરના સેવકોની જરૂર છે. કૃપા કરીને વહેલી તકે જવાબ આપશો."***

**પ્રેમ સહિત,**
**પાળક દેવરાજુલુ.**

જેમ મેં મારી રોજનીશીમાં લખ્યું હતું, હું પાળક દેવરાજુલુના આમંત્રણ દ્વારા ઓગસ્ટ ૧૯૮૯માં મલેશિયાની મુલાકાત કરી શક્યો હતો. ત્યાંથી મેં સિંગાપોર અને ઈન્ડોનેશિયાની મુસાફરી પણ કરી, જ્યાં મેં સેંકડો લોકોને ઉપદેશ આપ્યો, તેમની સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તના દ્વારા પાપ, શાપ અને ગરીબીમાંથી છુટકારાનો સંદેશો વહેંચ્યો હતો. પ્રભુએ મને કૃપાળુ રીતે ઈશ્વરના ઘણા સેવકો સાથે કાયમી મિત્રતા બાંધવાની પણ મંજૂરી આપી હતી - જે મિત્રતા આજ સુધી ચાલુ રહેલી છે.

તેમની ભરપૂર કૃપામાં, ઈશ્વરે આગળ મારા માટે દ્વારો ઉઘાડ્યાં હતાં કે જેથી હું દક્ષિણ આફ્રિકા, અમેરિકા, ઈંગ્લેંડ, સ્કોટલેન્ડ, ફ્રાંસ, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જેવા દેશોની મુલાકાત કરી શકુ. મને ઈસુ ખ્રિસ્ત વિશે હજારો લોકોને બોધ કરવાનો વિશેષાધિકાર પ્રાપ્ત થયો હતો.

આજે, મને વિવિધ દેશોમાંથી આમંત્રણો પ્રાપ્ત થાય છે, એટલા બધા કે સમયની મર્યાદામાંને કારણે હું તે સર્વને સ્વીકારી શકતો નથી. આટલે સુધી ઈશ્વરે મને મારા જીવનમાં આશીર્વાદિત કર્યો છે.

વહાલા વાંચક, પ્રભુ ઈસુ ખ્રિસ્ત જેમને હું જાહેર કરું છું તેઓ એક ખરા ઈશ્વર છે. તેઓ માર્ગ, સત્ય તથા જીવન છે. તેમના પર ભરોસો રાખો. તેમને તમારું જીવન સમર્પિત કરો.

તેઓ તમને અદ્‌ભૂત માર્ગોમાં દોરશે અને તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરશે.

**"તેણે ખડકમાંથી સરોવર કર્યું, અને ચકમકમાંથી ઝરો બનાવ્યો."** (ગીતશાસ્ત્ર ૧૧૪:૮).

(પાન ૬ થી આગળ...)

ઉત્પત્તિ ૨૧:૬ – **'...ઈશ્વરે મને હસાવી છે; અને હરેક સાંભળનાર મારી સાથે હસશે.'**

✓ જે સ્ત્રી એક સમયે શંકામાં હસતી હતી તેણી જ હવે નિયતિમાં હસે છે.

✓ જે મુખે અવિશ્વાસનો ગણગણાટ કર્યો હતો તે જ મુખ હવે સાક્ષી જાહેર કરે છે.

✓ જે ગર્ભસ્થાન વાંઝણું હતું તે હવે વચનની ખાતરીને લઈ જાય છે.

**ઈશ્વરે બદલી નાખ્યાં હતાં:**

- તેણીના દુઃખને હર્ષમાં
- તેણીની શંકાને વિશ્વાસમાં
- તેણીના મૌનને ઉજવણીમાં
- તેણીના છુપાયેલા હસવાને જાહેર સાક્ષીમાં.

આ જ ઈશ્વર તમારા અને મારા માટે કરે છે.

જ્યારે ઈશ્વર આ માતાઓના જીવનોમાં આવ્યા હતા, ત્યારે કંઈક અસાધારણ બન્યું હતું:

| | |
|---|---|
| **ઈસુ ખ્રિસ્તની માતા, મરિયમ** | **તારનારનું વચન** |
| **સામસૂનની માતા** | **છોડાવનારનું વચન** |
| **યોહાનની માતા, એલિસાબેત** | **સુધારકનું વચન** |
| **ઈસહાકની માતા, સારા** | **નવા વારસાનું વચન** |

મિત્રો, તે કદાચ એવું લાગતું હશે કે ઈશ્વરે તેમના જીવનોમાં વિક્ષેપ પાડ્યો હતો અને અરાજકતા અને મૂંઝવણ ઊભી કરી હતી. પણ યોગ્ય સમયે – ઈશ્વરના નિયુક્ત સમયે – તેમણે પોતાનું વચન પરિપૂર્ણ કર્યું હતું.

નિરાશ ન થાઓ. જો તેઓ તેમના માટે તે કરી શક્યા હતા, તો તેઓ તમારા માટે પણ કરી શકે છે.

તમે જ્યાં છો ત્યાં ઈશ્વર તમને જુએ છે અને તમને સાંભળે છે. તમે કદાચ આ જગતની દ્રષ્ટિથી છુપાયેલા હોઈ શકો છો, પણ તમે ક્યારેય ઈશ્વરની દ્રષ્ટિથી છુપાયેલા નથી.

ઈશ્વર તમારા છુપાયેલા સ્થાનોનો સામનો તમને ખુલ્લા પાડવા માટે નહિ, પણ તમને સશક્ત કરવા માટે કરે છે. તેઓ તમને તે જ પ્રશ્ન પૂછે છે જે તેમણે સારાને પૂછ્યો હતો:

**"શું પ્રભુને માટે કંઈ પણ અઘરું છે?"**

**આજે, આવો આપણો વિશ્વાસ ફરીથી વૃદ્ધિ પામો.**

******

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
**(+91) 98410 71858,**
**(+91) 98412 71858**
(main numbers) – સંપાદક


# નહેમ્યા બાઇબલ કોલેજ

**ઈકો ઓફ હીઝ કોલની સંસ્થા**

**(નિવાસી – હિન્દી અને સાંધ્ય – તામિલ)**

**૨૬મા પદવીદાન સમારોહની ભજનસેવા**

**૪થી જુલાઈ, ૨૦૨૬ના રોજ, શનિવાર, સાંજે ૫:૦૦ વાગે**



ખાસ મહેમાન:
**રેવ. ડો. એસ.જે. કિંગ્સલી,**
(સીઈઓ, જીસસ કોલ્સ)

**at Skidmore Hall,**
**Balar Kalvi Nilayam Hall, M.R.C. Centre,**
**૫/૬, રીથેર્ડન રોડ, વેપેરી, ચેન્નાઈ – ૬૦૦ ૦૦૭.**

* **શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૦૨૭ પ્રવેશ શરૂ થયા છે!**
* **કૃપા કરીને લાયક વિદ્યાર્થીઓની ભલામણ કરશો!!**
* **નિવાસી પુરૂષ હિન્દી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે!!!**
* **શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટેના વર્ગો ૦૧.૦૬.૨૦૨૬થી શરૂ થશે!!!!**

**પ્રાર્થના કરશો તથા ભાગ લેશો!**

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

ECHO OF HIS CALL

Scan to pay with any UPI app

**Google Pay: 98410 71858**
**PaySal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th MAY 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**